NAVSARI AGRICULTURAL UNIVERSITY

# ભંગારની હરાજીનું ટેન્ડર

विद्या सर्वत्र गौरवा

:: જાહેરાત ક્રમાંક – ૪/૨૦૨૩-૨૪ ::

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

**ભંગારની હરાજી અંગેની નોટીસ**

જનીનવિદ્યા અને વનસ્પતિ સંવર્ધન વિભાગ, ન.મ. કૃષિ મહાવિદ્યાલય, ન.કૃ.યુ. નવસારીના બિન ઉપયોગી ડેડસ્ટોક આઇટમોનો (ભંગાર) નિકાલ કરવાનો છે. આથી રસ ધરવતી પાર્ટીએ યુનીવર્સીટીની વેબસાઈટ **www.nau.in** નાં Tender Tab પરથી ટેન્ડર ફોર્મ ડાઉનલોડ કરી તેમાં ભાવો ભરી, સીલ બંધ કવરમાં મોડામાં મોડું તા. ૨૧/૦૩/૨૦૨૪ કચેરી સમય સુધીમાં આ વિભાગને પહોંચતું કરવા જણાવવામાં આવે છે. ટેન્ડર ફી, ઈ.એમ.ડી. અને અન્ય શરતો (બાનાની રકમ) માટે ઉપર દર્શાવેલ યુનિવર્સિટીની વેબસાઈટ જોવા જણાવવામાં આવે છે. ટેન્ડર તા. ૨૨/૦૩/૨૦૨૪ ના રોજ ૧૫:૦૦ કલાકે ખોલવામાં આવશે.

નવસારી તા.૦૬/૦૩/૨૦૨૪ — સહી

પ્રાધ્યાપક અને વડા

| | | | |
|---|---|---|---|
| ૧. | ભાવપત્રકનો સમય ગાળો | : | તા. ૦૭ માર્ચ થી ૨૧ માર્ચ, ૨૦૨૪ |
| ૨. | ભાવપત્રકની રકમ (ટેન્ડર ફી) | : | રૂ. ૫૦૦/- |
| ૩. | EMDની રકમ | : | રૂ. ૭૫૦/- |
| ૪. | ભાવપત્રક જમા કરાવવાની છેલ્લી તારીખ | : | તા. ૨૧-૦૩-૨૦૨૪ |
| ૫. | ભાવપત્રક ખોલવાની તારીખ | : | તા. ૨૨-૦૩-૨૦૨૪ |

## શરતો અને બોલીઓ:

જનીનવિદ્યા અને વનસ્પતિ સંવર્ધન વિભાગના (જેને હવેથી "સામાન આપનાર" કહેવામાં આવશે) બિન ઉપયોગી ડેડસ્ટોક અઈટમોના (જેને હવેથી "ભંગાર" કહેવામાં આવશે) વેચાણ માટે રસ ધરાવતી પાર્ટી (જેને હવેથી "ટેન્ડર પાર્ટી" કહેવામાં આવશે) પાસેથી બંધ કવરમાં ભાવો મંગાવવામાં આવે છે.

૦૧. ટેન્ડર યુનિવર્સિટી વેબસાઇટ www.nau.in ઉપરથી ડાઉનલોડ કરી, તેમાં ભાવો અને અન્ય વિગતો ભરી, સહી-સિક્કા સાથે, ટેન્ડર ફી અને ઈ.એમ.ડી.નો ડીમાંડ ડ્રાફ્ટ તેમજ શરતો અને બોલીઓ પર સહી-સિક્કા કરી, જરૂરી આધાર પુરાવા સાથે મોડામાં મોડુ તા. ૨૧-૦૩-૨૦૨૪ કચેરી સમય સુધીમાં સીલબંધ કવરમાં **પ્રાધ્યાપક અને વડા**, જનીનવિદ્યા અને વનસ્પતિ સંવર્ધન વિભાગ, **ન.મ. કૃષિ મહાવિદ્યાલય, ન.કૃ.યુ. નવસારી**ના સરનામે રૂબરૂ, પોસ્ટ, કુરીઅર મારફત સમય મર્યાદામાં પહોંચતું કરવાનું રહેશે, સમય મર્યાદા બાદ આવેલ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી. સીલબંધ કવર ઉપર "**ભંગારના ભાવો**" એમ અવશ્ય લખવું.

૦૨. ભંગાર અત્યારે જે હાલતમાં, જે સ્થળે અને જે પરિસ્થિતિમાં છે તે રીતે તેમજ અત્રેની કોઈપણ જવાબદારી સિવાય નીકાલ કરવા માટે ભાવો મંગાવવામા આવે છે.

૦૩. ટેન્ડર પાર્ટીએ ભંગારની આઈટમો રુબરુમા જોવી હોય તો તે રજાના દિવસો સિવાય સવારે ૧૦:૩૦ થી ૧૭:૦૦ વાગ્યા સુધીમાં જોવા મળશે.

૦૪. ટેન્ડર પાર્ટીએ ટેન્ડર ફી પેટે રૂ. ૫૦૦/- નો ડિમાન્ડ ડ્રાફ્ટ "Assistant Administrative Officer, NMCA, Navsari" નાં નામનો રજુ કરવાનો રહેશે અથવા રોકડા ભરી અત્રેથી રસીદ લેવાની રહેશે. ટેન્ડર ફી વગરનું ટેન્ડર માન્ય રાખવામાં આવશે નહી.

- જમા કરાવેલ ટેન્ડર ફી પરત મળશે નહિ.
- ટેન્ડર રદ/ સ્થગિત /કેન્સલ/મોકૂફ થાય તો પણ ટેન્ડર ફી ની રકમ રીફંડ મળશે નહી જેની ખાસ નોંધ લેવી.

૦૫. ટેન્ડર પાર્ટીએ ઈ.એમ.ડી. (બાનાની રકમ) પેટે રૂ. ૭૫૦/- નો ડિમાન્ડ ડ્રાફ્ટ "Assistant Administrative Officer, NMCA, Navsari" નાં નામનો રજુ કરવાનો રહેશે અથવા રોકડા ભરી અત્રેથી રસીદ લેવાની રહેશે. ઈ.એમ.ડી. વગરનું ટેન્ડર માન્ય રાખવામાં આવશે નહી.

- જે ટેન્ડર પાર્ટીનુ ટેન્ડર મંજુર નહિ થાય તેને ઈ.એમ.ડી. ની રકમ પરત કરવામા આવશે.
- મંજુર થયેલ ટેન્ડર પાર્ટીને ઓર્ડર અમલીકરણ બાદ ઈ.એમ.ડી. ની રકમ પરત કરવામા આવશે.
- મંજુર થયેલ ટેન્ડર પાર્ટી દ્વારા ટેન્ડરની શરતોનુ અમલીકરણ ન કરવામા આવે તેમજ ટેન્ડરની શરતો સાથે છેડ છાડ કરવામાં આવે અથવા ભાવ બોલી આપ્યા પછી ભાવ બોલી પાછી ખેચશો તો તે પાર્ટીની ઈ.એમ.ડી.ની રકમ જપ્ત કરવામા આવશે.

૦૬. ટેન્ડર ફોર્મના ભરેલ ભાવના ૫૦% રકમ ટેન્ડર મંજુર થયેથી / હરાજી બાદ તુરંત જ ભરપાઈ કરવાના રહેશે. બાકીની ૫૦% રકમ દિન ૧૦ માં જમા કરવાના રહેશે. તેમાં નિષ્ફળ જનારને તેમની ઈ.એમ.ડી. ની રકમ જપ્ત કરવામાં આવશે, કોઇપણ સંજોગોમાં ઈજારાની પુરેપુરી રકમ ભરવાની મુદ્દત વધારી આપવામાં આવશે નહી.

૦૭. જરૂરી પેપર્સની કાર્યવાહી સંપૂર્ણપણે પુરી થયા બાદ ઈ.એમ.ડી. વગર વ્યાજે પરત કરવામાં આવશે. તેમજ બિનઉપયોગી ડેડસ્ટોક આઇટમોનો કબ્જો મેળવ્યાથી તમામ જવાબદારી ખરીદ કરવાની રહેશે.

૦૮. મંજુર થયેલ ટેન્ડર પાર્ટીને ઓફર કરેલ રકમ જમા કરાવ્યા બાદ જ ભંગાર લંઇ જવા દેવામા આવશે.

૦૯. <u>ટેન્ડર તા.૨૨/૦૩/૨૦૨૪ના રોજ ૧૫:૦૦ કલાકે ખોલવામાં આવશે. ઈજારદારો અથવા તેના પ્રતિનિધીએ જનીનવિદ્યા અને વનસ્પતિ સંવર્ધન વિભાગ, ન.મ.કૃષિ મહાવિદ્યાલય, ન.કૃ.યુ. નવસારી ખાતે હાજર રહેવું.</u>

૧૦. મંજુર થયેલ ટેન્ડર પાર્ટીએ ઓફર કરેલ રકમ, ઓર્ડરના દિન-૧૦માં જમા કરવાની રહેશે, જો તેમ કરવામા નહિ આવશે તો તેમને આપેલ ઓર્ડર રદ કરવામાં આવશે.

૧૧.(અ) ટેન્ડર દ્વારા આવેલ ભાવો કમિટીને અપસેટ વેલ્યુ કરતા નીચા જણાય તો તે સ્થળે કમિટીના અભિપ્રાય મુજબ ટેન્ડર ભરનાર પાર્ટીઓ વચ્ચે જાહેર હરાજીથી નિકાલ કરવામાં આવશે. જાહેર હરાજીમાં પણ ભાવો કમિટીને અપસેટ વેલ્યુ કરતા ઓછા જણાય તો હરાજી રદ કરવામાં આવશે.

(બ) ટેન્ડર ભરનાર ઇસમો ને કોઈપણ સંજોગોમાં ટેન્ડર ફીની રકમ પરત કરવામાં આવશે નહી જેની નોંધ લેવી.

૧૨. ભંગારનુ વેચાણ થયા બાદ તેની સઘળી જવાબદારી ટેન્ડર પાર્ટીની રહેશે. ત્યારબાદ આ અંગેનો કોઈ દાવો માન્ય રાખવામાં આવશે નહિ.

૧૩. ભંગારની આઈટમો મંજુર થયેલ ટેન્ડર પાર્ટીએ તેમના વાહનમાં તેમજ તેમના માણસો સાથે હાજર રહી સ્વ ખર્ચે લઈ જવાનો રહેશે. તેમની ગેરહાજરીમાં કોઈ પણ ઇસમને સામાન લઈ જવા દેવામાં આવશે નહીં. આ ટેન્ડર બીજાને ટ્રાન્સફર કરી શકશે નહીં.

૧૪. ભંગાર ભરતી/ઉતારતી વખતે સામાન કે વ્યક્તિને નુકસાન/ઇજા થાય તો તેની સંપૂર્ણ જવાબદારી ટેન્ડર પાર્ટીની રહેશે.

૧૫. ભંગાર ભરી જવાનો સમય સવારે ૯:૦૦ થી ૧૧:૦૦ અને બપોરે ૨:૦૦ થી ૪:૦૦ વાગ્યા સુધીનો રહેશે. તે સિવાય તથા રજાના દિવસોમાં સામાન ભરવા દેવામાં આવશે નહી.

૧૬. મંજૂર થયેલ ટેન્ડર પાર્ટી પાસે તેમની ઓફરના ૧% રકમ ટીસીએસ તરીકે કચેરીમાં જમા કરાવવાના રહેશે.

૧૭. મંજૂર થયેલ ટેન્ડર પાર્ટી પાસે પાન, આધાર કાર્ડ અને જીએસટી સર્ટિફિકેટ હોવું જરૂરી છે. જો જીએસટી સર્ટિફિકેટ ન હોય તો જીએસટી અંગેનું ડિક્લેરેશન આપવાનું રહેશે.

૧૮. ભાવપત્રકની શરતોમાં કોઈ પણ ફેરફાર સામાન આપનાર તરફથી કરવામાં આવે તો તે ટેન્ડર પાર્ટીએ માન્ય રાખવા પડશે અને તે અંગે કોઈ તકરાર સ્વીકારવામાં આવશે નહી, તેમજ સમાન આપનારનો નિર્ણય આખરી ગણાશે, જે ટેન્ડર પાર્ટીને બંધનકર્તા રહેશે. ફેરફાર અંગેની જાણ અગાઉ કરવામાં આવશે.

૧૯. આવેલ કોઇપણ ટેન્ડરને સ્વીકારવુ અથવા આવેલ તમામ ટેન્ડરને કોઇપણ કારણો દર્શાવ્યા સિવાય રદ કરવાની સત્તા સામાન આપનારની રહેશે. આ બાબતે કોઇ પણ દાવો માન્ય રહેશે નહિ.

૨૦. કોઈ પણ જાતની તકરાર મુશ્કેલી કે મુદ્દો ઊભો થાય તો સામાન આપનારનો નિર્ણય આખરી ગણાશે, જે ટેન્ડર પાર્ટીને બંધનકર્તા રહેશે. જો કાયદાકીય પ્રશ્નો ઉભા થાય તો જ્યુરીડીક્શન નવસારી રહેશે.

ઉપરોકત તમામ શરતો અને બોલીઓ મે વાંચી છે જે મને માન્ય, કબુલ અને બંધનકર્તા છે.

તારીખ : ટેન્ડર પાર્ટીના સહી/સિક્કા

સ્થળ :

બિંડાણ:

૧. ટેન્ડર ફી ડીમાન્ડ ડ્રાફટ રૂા. ૫૦૦-/ અથવા રસીદ
૨. ઇ.એમ.ડી. ડીમાન્ડ ડ્રાફટ રૂા. ૭૫૦-/ અથવા રસીદ
3. પાન કાર્ડની નકલ
૪. આધાર કાર્ડની નકલ
૫. જી.એસ.ટી ડીકલેરેશન ફોર્મ અથવા જી.એસ.ટી પ્રમાણપત્ર
૬. ભાવપત્રકની સહી-સિક્કા કરેલ નકલ
૭. શરતો અને બોલીઓની સહી-સિકકા કરેલ નકલ

# ભાવ પત્રક

| | | |
|---|---|---|
| ૧. | પાર્ટીનુ નામ | |
| ૨. | સરનામુ | |
| ૩. | મોબાઈલ નંબર અને ઇમેલ એડ્રેસ | |
| ૪. | બેંકની વિગત (બેંક્નુ નામ, બ્રાંચ, ખાતા નંબર, IFSC કોડ) | |
| ૫. | પાન નંબર | |
| ૬. | જી.એસ.ટી નંબર | |
| ૭. | આધાર કાર્ડ નંબર | |
| ૮. | ટેન્ડર ફી ડીમાન્ડ ડ્રાફ્ટ નંબર (રૂા. ૫૦૦/-) | |
| ૯. | ઈ.એમ.ડી. ડીમાન્ડ ડ્રાફ્ટ નંબર (રૂા. ૭૫૦/-) | |
| ૧૦. | **મારો/અમારા ફર્મનો ભંગારનો ઓફર કરેલ ભાવ નિચે મુજબ છે.** | |

૧. ભંગારનો મારો/અમારા ફર્મનો ભાવ બિન ઉપયોગી ડેડસ્ટોક અઈટમો ભાગ-૧ (Lot-1) માટે

રૂા. ________________ (અંકે રુપિયા ________________________ ______________ છે.

૨. ભંગારનો મારો/અમારા ફર્મનો ભાવ બિન ઉપયોગી ડેડસ્ટોક અઈટમો ભાગ-૨ (Lot-2) માટે

રૂા. ________________ (અંકે રુપિયા ________________________________________ છે.

તારીખ :

ટેન્ડર પાર્ટીના સહી/સિક્કા

સ્થળ :

**:: જી.એસ.ટી. ડીકલેરેશન ::**

**આથી હું ..............................................................................................**

**સરનામુ ............................................................... પ્રોપરાઈટર દરજજે આ સાથે પ્રમાણિત કરૂ છું કે, અમારી પેઢી/અમો ગુડસ એન્ડ સર્વિસ એકટ–૨૦૧૭ના કાયદામાં નોંધણીને પાત્ર નથી, જેથી અમોએ જી.એસ.ટી. રજીસ્ટ્રેશન કરાવેલ નથી.**

તારીખ :

ટેન્ડર પાર્ટીના સહી/સિક્કા

સ્થળ :